# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

SGCCI

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

રેફ નં. તા: ૮/૪/૨૦૧૯

તંત્રીશ્રી, ______________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડાં)

---

## ક્રેડીટ લેપ્સ અને જીએસટી સહિતના વિવિધ પડતર પ્રશ્નો વિશે નવી દિલ્હી ખાતે અધિકારીઓ સમક્ષ ચર્ચા વિચારણા

સુરત. ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના પ્રમુખ શ્રી હેતલ મહેતા અને પ્રમુખ ઇલેકટ શ્રી કેતન દેસાઇએ આજરોજ નવી દિલ્હી ખાતે શ્રી પવન કુમાર જૈન (આઇઆરએસ) – પ્રિન્સીપાલ ડાયરેકટર જનરલ (મિનિસ્ટ્રી ઓફ ફાયનાન્સ, રેવન્યૂ વિભાગ, ડીજી–જીએસટી, ભારત સરકાર), શ્રી એસ.કે. રહેમાન (આઇઆરએસ) – એડીશનલ ડાયરેકટર જનરલ (મિનિસ્ટ્રી ઓફ ફાયનાન્સ, રેવન્યૂ વિભાગ, ડીજી–જીએસટી, ભારત સરકાર) અને શ્રી યોગેન્દ્ર ગર્ગ – કમિશનર (ડાયરેકટોરેટ ઓફ પબ્લીસિટી એન્ડ પબ્લીક રિલેશન્સ, કસ્ટમ્સ એન્ડ સેન્ટ્રલ એકસાઇઝ, ભારત સરકાર)ની મુલાકાત લીધી હતી અને ક્રેડીટ લેપ્સ તથા જીએસટી સહિતના વિવિધ પડતર પ્રશ્નોની ચર્ચા વિચારણા કરી હતી.

નવી દિલ્હી ખાતે અન્ય કામાર્થે ગયેલા ચેમ્બરના હોદ્દેદારોએ મિટીગની વાત કરતા અધિકારીઓએ તુરંત સમય ફાળવ્યો હતો. હાલમાં જ વિવર્સના એકાઉન્ટમાં જમા પડી રહેલી ક્રેડીટ ઉપર વ્યાજ ચૂકવવા માટેનું જે સકર્યુલર બહાર પડયુ છે તે વિશે અધિકારીઓ સાથે ચર્ચા કરવામાં આવી હતી. આ ઉપરાંત રિયલ એસ્ટેટ તેમજ અન્ય ઉદ્યોગોના વિવિધ મુદ્દાઓની પણ ચર્ચા કરી હતી. વિવર્સ ભાઇઓને સતાવી રહેલા ક્રેડીટ લેપ્સમાં લેપ્સ શબ્દ અંગે તથા વહેલી તકે તેના નિરાકરણ વિશે ચર્ચા કરવામાં આવી હતી.

અધિકારીઓ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો હતો કે, ઇન્ડસ્ટ્રીના જીએસટીના અંગેના જે કોઇપણ પડતર પ્રશ્નો હોય તેની ફરી એકવાર મુદ્દાસર રજૂઆત કરવામાં આવે. આથી ચેમ્બરની રજૂઆતને ફરીથી એજન્ડામાં સામેલ કરીને એના ઉપર કાર્યવાહી કરવાની અધિકારીઓએ ખાતરી આપી હતી.